

## સર્વેલન્સ ટીમનું ખડેપગે ચેકીંગ

ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત સર્વેલન્સ ટીમે રાજ્યભરમાં પારદર્શક ચૂંટણી યોજાય તે માટે કમર કસી છે. જે સંદર્ભે નેશનલ હાઈવે નં. ૮ ઉપરની મજરા ચોકડીએ ગુરૂવાર વહેલી સવારથી જ પૂરતા બંદોબસ્ત સાથે કડક ચેકીંગ હાથ ધર્યુ હતુ. તલોદ-પ્રાંતિજ તરફથી આવતા વાહનોનું ચેકીંગ કરી તેનું વીડીયો શુટીંગ પણ કરાતુ હતુ. જો કે વાહનચાલકો પણ સર્વેલન્સ ટીમને પૂરતો સહકાર આપી લોકશાહીનો આ ભવ્ય અવસર સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી ભાવના વ્યક્ત કરી રહ્યા છે. કોઈપણ પ્રકારની લોભ-લાલચ થકી મતદારોને આકર્ષવાના પ્રયાસોને મૂળમાંથી જ ડામી દેવાના ચૂંટણીપંચના પ્રયાસોને સર્વત્ર આવકાર મળી રહ્યો છે. અને નિષ્પક્ષ અને ન્યાયીક રીતે ચૂંટણી યોજાય તેવી આશા પણ વ્યક્ત કરી રહ્યા છે.

# શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પૂર્ણ કરવા લોખંડી પોલીસ બંદોબસ્ત

## સેન્ટ્રલ પેરામિલીટરી ફોર્સની ૩૦ કંપનીઓ પાટનગરમાં તૈનાત કરાશે : ૩ હજાર પોલીસ અને હોમગાર્ડ જવાનો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ખડેપગે રહેશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની ડિસેમ્બરમાં યોજાનાર ચૂંટણી માટે વાતાવરણ ગરમાયુ છે ત્યારે ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે ગાંધીનગરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે. સેન્ટ્રલ પેરા મિલીટરી ફોર્સની ૩૦ કંપનીઓ ઉપરાંત ૩ હજાર પોલીસ અને હોમગાર્ડ જવાનોને અલગ અલગ બુથ સેન્ટર પર તૈનાત કરવામાં આવનાર છે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં ચૂંટણી અનુસંધાને બેઠક યોજાઈ હતી. તેમાં હેડ ક્વાર્ટર ડીવાયએસપી એમ.જે. સોલંકીએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ચૂંટણી દરમ્યાન તૈનાત રહેનાર પોલીસ ફોર્સની વિગતો આપી હતી. તેમના જણાવ્યાનુસાર ચૂંટણી દરમ્યાન જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી માટે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે એક એસ.પી., ૬ ડીવાયએસપી, ૧૯ પીઆઈ, ૬૦ પીએસઆઈ, ૧૪૭૩ પોલીસ જવાનો, ૧૫૮૧ હોમગાર્ડ જવાનો બંદોબસ્તમાં તૈનાત રાખવામાં આવનાર છે. તે ઉપરાંત ૩૦ કંપની સેન્ટ્રલ પેરા મિલેટરી ફોર્સ (સી.પી.એમ.એફ.) પણ જિલ્લામાં અલગ અલગ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ બુથો પર ખડેપગે રાખવામાં આવનાર છે. વધુમાં તેમણે જણાવ્યુ છે કે ચૂંટણીલક્ષી અટકાયતી પગલા લેવાની કાર્યવાહી પોલીસ દ્વારા ચાલી રહી છે. જેમાં જિલ્લામાં ૩૩૫૫ અટકાયતી પગલા લેવાયા છે તે ઉપરાંત હથિયારો જમા કરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં ૮૩૭ હથિયારો પૈકી અત્યાર સુધીમાં ૮૩૦ હથિયારો જમા લઈ લેવામાં આવ્યા છે. તો બીજી તરફ પાસા અને તડીપાર અંગેની ૩૦ દરખાસ્તો કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું છે. ૩૦ કંપની પેરા મિલેટરી ફોર્સ પૈકી અત્યારે ૩ કંપનીઓ પાટનગરમાં ડીપ્લોય થઈ ચુકી છે અને માણસા, કલોલ, ગાંધીનગર અને દહેગામમાં તબક્કાવાર ફ્લેગમાર્ચની કામગીરી કરાઈ રહી છે. બાકીની ૨૭ કંપનીઓ તબક્કાવાર ગાંધીનગર ખાતે આવનાર છે.

### જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫ લાખનો દારૂ પકડાયો છે : સોલંકી

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં રૂ. ૩૫.૧૧ લાખની મત્તાનો દારૂ પકડી પાડવામાં આવ્યો છે. આજે કલેક્ટર ઓફિસ ખાતે પત્રકાર પરિષદમાં આ અંગેની વિગતો ડી.વાય.એસ.પી. સોલંકીએ આપી હતી.

૨૧ નવેમ્બર ૨૦૧૭ સુધીમાં પાંચ વિધાનસભા મતવિભાગમાં ૪૩,૦૪૦ રૂપિયાની કિંમતનો ૨૧૫૨ લીટર દેશી દારૂ પકડાયો છે તેમજ રૂપિયા ૩૪,૬૮,૨૦૮ની કિંમતનો ૨૬,૨૦૭ બોટલ વિદેશી દારૂ પકડવામાં આવ્યો છે.

### પાસા-તડીપારની ૩૦ દરખાસ્તો પર કાર્યવાહી ગતિમાં

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં નિષ્પક્ષ અને ભયમુક્ત વાતાવરણમાં સામાન્ય ચૂંટણીઓની પ્રક્રિયા સંપન્ન થાય તે માટે ૩૦ જેટલા ઈસમો સામે પાસા અને તડીપારની દરખાસ્તો કરવામાં આવી છે.

આ દરખાસ્તો પર હાલ કાર્યવાહી ચાલી રહી છે અને તે અંગે ટૂંકમાં જ નિર્ણય આવતાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# સઈજ રેલ્વે ફાટકનો નિવેડો નહીં આવે તો ચૂંટણી બહિષ્કારની ચિમકી ગ્રામજનોએ ઉચ્ચારી

ગાંધીનગર, તા.૨૩

સઈજ ગ્રામ પંચાયતમાં માર્ગ પર રેલ્વે ક્રોસીગ નં-૨૩૩ સી આવેલ છે. આ રેલ્વે ફાટક કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી બંધ કરી દેવાયું છે. આ ફાટક બંધ થતા ગ્રામજનોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત ગ્રામજનોએ કરી હોવા છતા કોઈજ નિવેડો ન આવતા ગ્રામજનોએ આગામી ચુંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે.

સઈજ ગામમાં જવાના મુખ્ય બે માર્ગ છે. જેમાથી એક માર્ગ પર આવેલ રેલ્વે ફાટક નં-૨૩૩ સી કેન્દ્ર સરકાર દ્વારા બંધ કરી દેવાયું છે. જેને પગલે ગ્રામજનો માટે આ માર્ગ પર કાયમી માટે તાળા વાગી ચુંક્યા છે. તો બીજા માર્ગ પર એલ એન્ડ ટી કંપની દ્વારા ગરનાળુ તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેથી વાહનચાલકોને તેમજ ગ્રામજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યા છે. જયારે સઈજ ગામ તરફ જવાના માર્ગ પર આવતા ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ જતા ચોમાસાની સિઝનમાં ગ્રામજનોની હાલત કફોડી બને છે. ચોમાસામાં માર્ગ પરનું ગરનાળું ભરાઈ જતા આ માર્ગ પરથી મુખ્ય માર્ગ પર જઈ શકાતું નથી. જેને પગલે વરસાદી સિઝનમાં વાહન વ્યવહાર બંધ થઈ જાય છે, પરંતુ ફાટક બંધ છે તે માર્ગ ઉંચાણવાળો હોવાથી ત્યાં વરસાદી પાણીનો ભરાવો નહીવત રહેતા ગ્રામજનો તે માર્ગનો ઉપયોગ સરળતાથી કરી શકે છે. ખાસ કરીને ચોમાસાની સિઝન અને વરસતા વરસાદમાં દર્દી હોય તેવી સ્થિતિમાં ગ્રામજનોને ફાટકવાળો માર્ગ બંધ હોવાથી ના છુટકે ગરનાળાવાળા ઝોખમી માર્ગે પસાર થવાનો વારો આવે છે. સઈજ ગ્રામ પંચાયત દ્વારા અનેકવાર રાજય સરકાર અને કેન્દ્ર સરકારમાં લેખિત રજુઆતો કરવામાં આવી છે છતા પણ તંત્રના બહેરા કાને ગ્રામજનોની રજુઆત સંભળાતી નથી. જો સઈજના આ ફાટક વાળા માર્ગ અંગે કોઈ નિવેડો ટુંકમાં નહીં આવે તો ગ્રામજનોએ સામુહિક ચુંટણી બહિષ્કારની ચિમકી ઉચ્ચારી છે.



## કોંગ્રેસ દ્વારા ડોર ટુ ડોર જનસંપર્ક અભિયાન

ગાંધીનગર પૂર્વ વિસ્તારના દક્ષિણ વિધાનસભા બેઠક-૩૫માં સંભવિત ઉમેદવારો તથા સમર્થકો, ટેકેદારો સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા જિલ્લામાં તાલુકાના અગ્રણી આગેવાનો આગામી વિધાનસભાની ચૂંટણીમાં જનમત કેળવવા અને જનજાગૃતિ અભિયાન ડોર ટુ ડોર કાર્યક્રમ અંતર્ગત પ્રચાર-પ્રસારનું કાર્ય પૂરવેગે આરંભી દીધુ છે. દ. વિધાનસભાની પ્રતિષ્ઠાની બેઠક માટે ડભોડા, વડોદરા ગામે કોંગ્રેસ પક્ષના આગેવાનો ડોર ટુ ડોર કાર્યક્રમ અંતર્ગત મતદારોને મતદાન જાગૃતિ અંગે જરૂરી માર્ગદર્શન અને જાણકારી આપવા કમર કસી રહ્યા છે.

# તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી મનોહરકીર્તિસાગર સૂરિશ્વરજી મહારાજ ગાંધીનગરનાં મહેમાન બન્યા

ગાંધીનગર, તા. ૨૩

તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી મનોહરકીર્તિસાગર સૂરિશ્વરજી મહારાજ સાહેબ આજે ગાંધીનગર જૈન દેરાસર સેક્ટર-૨૨ ખાતે પધાર્યા હતા. જેનાથી જૈન સમાજમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જાયો હતો.

તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી મનોહરકીર્તિસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ નો જન્મ ભાદરવા સુદ એકમ વિ. સં ૧૯૮૪ ના રોજ બારડોલી મુકામે થયો હતો. સિંહ રાશિમાં જન્મેલા સિંહ ને પણ શીતળતા આપે તેવા બારડોલી ના મનહરભાઈ તપાગચ્છાધિપતિ અને ૭૦ વર્ષ ના દીક્ષા પર્યાય સુધી ની આ સ્વર્ણિમ સંયમયાત્રા આજે સિત્તેર મા વર્ષે મા પ્રવેશ કરી ચુકી છે.અને તા. ૧૯/૧૧/૨૦૧૭ ના રોજ ૯૯૯૯૯૯ મંત્રાધિરાજ નવકાર મંત્રના જાપના અનુષ્ઠાન પર્વ સાથે મહાનુભાવો ની હાજરી મા શ્રાવકો શ્રાવીકાઓએ હર્ષોલ્લાસ સાથે નવકાર મંત્ર જાપ કર્યો હતો.

ગચ્છાધિપતિ આ. શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી મહારાજા જેવા પારસમણી રૂપી સ્પર્શ થકી



સંસ્કૃત પ્રાકૃત વગેરે આગમો ના ઉંડા અભ્યાસ કરી અનેક અંજનશલાકા પ્રતિષ્ઠા અનેક પુસ્તકો ની રચનાઓ કરી આ પથીક અમારા પથ દર્શક એવા શ્રી ગુરુ ભગવંત પ્રશાંતમુર્તિ આજે તપાગચ્છના ૧૮ ગચ્છના પાંચ અગ્રણી ગચ્છાધિપતિઓની કમીટીમા જૈન સમુદાયના તપાગચ્છના અધિપતિ તરીકે તપાગચ્છાધિપતિ નું ઉત્કૃષ્ટ બિરૂદ પ્રાપ્ત થયું હતું.

# રહેણાંકને લાયક મકાનો નથી ત્યાં જ-કક્ષાના સરકારી આવાસો માટે જ એક હજારની પ્રતિક્ષા યાદી

## નવા મકાનો તૈયાર થયા નથી અને દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકને લાયક ન હોવાથી કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરમાં સરકારી આવાસો રહેણાંકને લાયક ન હોવાનો સુર પ્રબળ બન્યો છે. એકબાજુ સેકટરોમાં ભયજનક આવાસો તોડી નાંખી નવા કાર્પોરેટ લુક ધરાવતા નવા મકાનો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. ત્યારે નવા આવાસો તૈયાર થતા હજુ સમય લાગે તેમ છે. આવા સંજોગોમાં સરકારી ચોપડે આવાસોને અનુલક્ષી પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. નવી ભરતીના અંતે સરકારી મકાનો માટે અરજદારોની સંખ્યા પણ વધતી જાય છે. હાલની સ્થિતિએ માત્ર જ કક્ષાના આવાસો માટે ૧ હજાર કર્મચારીઓ પ્રતિક્ષા યાદીમાં છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો હવે ખંડેર બન્યા છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી અગાઉ નિકાલ હેઠળ જાહેર થયેલા ૨ હજારથી વધુ મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હજુ પણ તબક્કાવાર ભયજનક આવસોનો ખાતમો બાલોવામાં આવી રહયો છે. સેકટરમાં માલુમ પડતા જોખમી આવાસોને તોડી નાંખવા માટે તંત્ર દ્વારા વિભાગને પણ દરખાસ્ત કરવામા આવી છે. બીજીતરફ મકાનોના નિકાલ તેમજ મજબુતીકરણની મંદ કામગીરીના લીધે શહેરમાં હાલ રહેણાંકને લાયક આવાસોની સંખ્યા ખુબ જ ઓછી છે. ત્યારે સરકારી આવાસો માટે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. સરકાર દ્વારા વિવિધ સંવર્ગની જગ્યાઓ અન્વયે ભરતી પ્રક્રીયા હાથ ધરાયા બાદ નવી ભરતીના કર્મચારીઓ પણ મકાનો માટે અરજી કરી છે. ત્યારે તંત્ર માટે આવાસોની ઉપલબ્ધિના અભાવ વચ્ચે મકાન ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. શહેરમાં નવા આવાસો તૈયાર થઈ રહયા છે. પરંતુ હજુ આ મકાનો બનતા સમય લાગે તેમ છે. જયારે જુના મકાનો રહેણાંક માટે યોગ્ય નથી. જેના લીધે તંત્રના ચોપડે આવાસોના મામલે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. હાલની સ્થિતિએ માર્ગ મકાન વિભાગના ચોપડે માત્ર જ કક્ષાના મકાનો માટે જ ૧ હજાર જેટલા અરજદારોના નામ પ્રતિક્ષા યાદીમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

# રાજય સરકારે વ્યાયામ, ચિત્ર અને સંગીત વિષયના ઉમેદવારો સાથે કર્યો અન્યાય : ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિ

ગાંધીનગર, તા.૨૩

વ્યાયામ, ચિત્ર અને સંગીત વિષયના ઉમેદવારો માટે રાજય સરકારના ડે. મુખ્યમંત્રી દ્વારા આચારસંહિતા પહેલા આરટીઈના નિયમ મુજબ ૧૭૩૯ વ્યાયામ અને ૧૭૩૯ ચિત્રના શિક્ષકોની ભરતી મળીને કુલ ૩૪૭૭ જગ્યા માટે ભરતી કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. પરંતુ આ નોકરી ૧૧ માસના કરાર આધારીત હોવા છતા તે પણ ઉમેદવારોએ સ્વીકાર્ય હતું. પરંતુ ઉમેદવારોએ તપાસ કરતા શિક્ષણ વિભાગમાંથી જાણવા મળ્યું કે આ કરાર આધારીત ભરતી નહી પરંતુ પ્રવાસી શિક્ષકો તરીકેની ભરતી છે.જેને પગલે ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ઉમેદવારો સાથે રાજય સરકારે છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે.જો સરકાર વિધાનસભાની ચુંટણી પહેલા અમારી પૂર્ણકાલીન શિક્ષક તરીકે ભરતી વિશે ચોક્કસ જાહેરાત નહીં કરે તો આ ચુંટણીનો અમે તમામ ઉમેદવારો પરિવાર સાથે બહિષ્કાર કરશું તેમજ માર્કશીટનું દહન કરશું તેવી ચિમકી પણ વ્યાયામ, ચિત્ર અને સંગીતના ઉમેદવારોએ ઉચ્ચારી છે.

રાજય સરકાર દ્વારા છેલ્લા એક દાયકાથી વ્યાયામ, ચિત્ર અને સંગીતના શિક્ષકોની ભરતી કરાઈ નથી. સરકારી નિયમ મુજબ વર્ષ ૨૦૧૧-૧૨ તેમ વર્ષ ૨૦૧૪ માં ટેટ ની પરિક્ષા લેવાઈ હતી. ઉપરોક્ત ઉમેદવારોએ ટેટ પાસ કરેલ છે છતાય સરકારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ભરતી કરી નથી. રાજયમાં ૧૦ હજારથી વધુ શિક્ષિત બેરોજગાર છે છતા પણ સરકારનું પેટનું પાણી હલતું નથી. ઉમેદવારોની વારંવાર રજુઆત છતા તંત્ર દ્વારા રોજગારી પુરી પાડવામાં આવેલ નથી. સરકારી નિયમ મુજબ જે શાળામાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોય તે શાળામાં ફરજીયાત વ્યાયામ, ચિત્ર અને સંગીતના શિક્ષકોની નિમણુંક કરવામાં આવે છે.

ગુજરાત સિવાય અન્ય રાજયમાં આ નિયમ મુજબ ભરતી કરાય છે માત્ર ગુજરાતમાં જ કેમ ભરતી કરાતી નથી. તેવો આક્ષેપ પણ ઉમેદવારો કરી રહ્યા છે. ત્યારે રાજય સરકારના શિક્ષણ વિભાગે કરાર આધારીત ભરતીની જગ્યાએ પ્રવાસી શિક્ષકોની ભરતી છે તેમ ઉમેદવારોને જણાવતા જ ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠયો છે. તેમજ સરકારે ઉમેદવારો સાથે અન્યાય કર્યો હોવાનો આક્ષેપ ગુજરાત હિત રક્ષક સમિતિ દ્વારા કરાયો છે.તેમજ ટુંક સમયમાં આ અંગે યોગ્ય નિર્ણય નહી કરાય તો તમામ ઉમેદવારો માર્કશીટનું દહન કરશે અને આગામી ચુંટણીમાં પરિવાર સાથે મતદાનનો બહિષ્કાર કરશે તેવી ચિમકી પણ ઉમેદવારોએ ઉચ્ચારી છે.

# ખાનગી વાહનોની જોખમી મુસાફરી ટાળવા માટે એસ ટી તંત્રનો એકશન પ્લાન

સલામત સવારીના બદલે ખાનગી વાહનોમાં મુસાફરી કરતા મુસાફરોની સલામતી માટે એસ ટી તંત્ર દ્વારા ખાસ એકશન પ્લાન બનાવાયો છે. આ માટે એસ ટી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ખાનગી વાહનોની વધતી અવરજવરને ડામવા માટે વધારાની બસ સેવા શરૂ કરવામાં આવશે. એસ ટી તંત્રએ આ માટે જરૂરી સર્વે પણ કરી દીધો છે. જયારે અપડાઉન કર્તાઓને જોખમી મુસાફરીમાંથી ઉગારવા માટે વધારાની બસો દોડાવાનો પણ નિર્ણય કર્યો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણા સમયથી સ્ટાફની ઘટ હોવાના લીધે એસ ટી ની સલામત સવારી પણ પ્રભાવિત થઈ હતી. જયારે ડ્રાઈવર કંડકટરની ઘટના લીધે સ્થાનિકોને પુરતી બસ સેવા ન મળતી હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે એસ ટી બસ સેવા પુરતી ઉપલબ્ધ ન થતા મુસાફરોએ ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવી પડે છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ પર્યાપ્ત બસ સેવાના અભાવ વચ્ચે ખાનગી વાહનો વિશેષ પ્રમાણમાં દોડી રહયા છે. જેના લીધે મુસાફરોની સલામતી પણ જોખમાઈ છે. એસ ટી તંત્ર એ આ સ્થિતિને સુધારવા માટે વધારાની બસ સેવા શરૂ કરવા માટે પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે એસ ટી તંત્રએ અગાઉ સર્વે પણ કરી દીધો છે. જેને અનુલક્ષી આ રૂટોમાં વધારાની બસો દોડાવવાનુ પણ એસ ટી ડેપો દ્વારા આયોજન કરી દેવાયુ છે. એસ ટી નિગમ દ્વારા થોડા સમય અગાઉ જ ડ્રાઈવર કંડકટરની ભરતી કરવામાં આવી હતી. જેના અંતે ગાંધીનગર ડેપોમાં પણ ૫૦ ટકાથી પણ વધુ ઘટનો પ્રશ્ન હલ થયો છે. જયારે સ્ટાફ ઉપલબ્ધ થતા ડેપો કક્ષાએથી મુસાફરોને સલામત સવારીનો વધુ લાભ મળે તે માટે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં વધારાની બસો શરૂ કરવા નિર્ણય લીધો છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાનગી વાહનો વધુ દોડતા હોવાનુ પણ તંત્રના ધ્યાને આવ્યુ છે.



## ચિલોડા ખાતે શકિત કેન્દ્ર અને પેજ પ્રમુખની બેઠક મળી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. સંભવિત ઉમેદવારો દ્વારા રાષ્ટ્રીય પક્ષો, સમર્થકો, ટેકેદારો ચૂંટણી જંગને મહાત કરવા કમર કસી રહ્યા છે. ગાંધીનગર દક્ષિણ વિધાનસભાની બેઠક પર સંભવિત ઉમેદવારો પ્રચાર-પ્રસાર કરવા વિવિધ પ્રકારના પ્રયત્નો આદરી રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા ઘર ઘર સંપર્ક કાર્યક્રમ હેઠળ ચિલોડા મોટા, દશેલા, છાલા તથા શિહોલી મોટી ખાતે શકિત કેન્દ્ર અને પેજ પ્રમુખની બેઠક કરવામાં આવી હતી. જેમાં વરિષ્ઠ ભાજપના નેતા હરિયાણા ડેરી વિકાસ સહકારી સંઘના ચેરમેન જી.એલ. શર્મા, ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત દક્ષિણ વિધાનસભા બેઠકના ભાજપના અગ્રણી રમેશભાઈ પટેલ, જશુભાઈ પટેલ, જૈમિન પટેલ, નાથુભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. આ બેઠકમાં સૌને તેઓનું પેજ આપી તે પેજમાં રહેતા સૌ પરિવારોનો સંપર્ક કરી ભાજપ તરફી મતદાન કરવા આહવાન કરવા અને નરેન્દ્ર મોદીની વિકાસગાથા રજૂ કરવા જણાવ્યું હતું.ગાંધીનગર દક્ષિણ વિધાનસભા ૩૫માંથી જે કોઈ પણ ઉમેદવાર આવે તેને જંગી બહુમતીથી જીતાડવા સહકાર આપી કમર કસવા આહવાન કર્યું હતું.

# સે-૨૨માં રીંગ રોડના વાઈડનીંગ બાદ હવે સ્ટોર્મ વોટર લાઈન પણ નંખાશે

શહેરના સે-૨૨ માં સેકટરના મુખ્ય રીંગ રોડના વાઈડનીંગનુ કામ પુર્ણ કરી દેવાયા બાદ હાલ વોક વે નુ કામ પણ ચાલી રહયુ છે. જયારે આગામી દિવસોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પણ હાથ ધરાશે. આ માટે જરૂરી આયોજન પણ કરી દેવાયુ છ. ઉપરાંત સ્ટ્રીટ લાઈટની સેવા પણ રોડ ડિઝાઈનને અનુરૂપ ઉપલબ્ધ થાય તે માટે કેબલ તેમજ લાઈટીંગ પોલનુ કામ પણ આગામી ૧૫ દિવસમાં પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગર શેહરમાં હાલ વિવિધ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. સેકટરોના આંતરિક માર્ગો ચિતરેહાલ છે. ત્યારે માર્ગસુધારણાની પ્રબળ માંગ પણ છેલ્લા ઘણાં સમયથી ઉઠવા પામી હતી. આખરે નિયત સમયગાળાના અંતે સેકટરોમાં માર્ગોની દશા સુધારવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે સે-૨૨ માં પણ સેકટરના મુખ્ય રીંગ રોડને અપગ્રેડ કરવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. સેકટરમાં ૧૭: ૨૨થી પંચદેવ મંદિર તેમજ આર્યુવેદિક દવાખાના સાથે જોડાયેલા માર્ગ પર સતત ટ્રાફિકની અવરજવર જોવા મળે છે. ટ્રાફિકને ધમધમાટને ધ્યાને લઈ થંત્ર દ્વારા આ માર્ગનુ વાઈડનીંગ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હાલ વોક વે નુ કામ ચાલી રહયુ છે. માર્ગ આસપાસ ફુટપાથનુ પણ નિર્માણ કરવામાં આવશે. જયારે આ માર્ગ પર કામને અનુલક્ષી છેલ્લા ૨૦ દિવસથી લાઈટો ડુલ રહેતા સ્થાનિકોને પારાવાર હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં યુવા ભાજપના અગ્રણી કેતન પટેલે પણ સ્થાનિકોની સમસ્યાને નિવારવા માટે લાઈટની કામગીરી યોગ્ય રીતે થાય તે માટે રજુઆત કરી હતી. માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી લાઈટો ડુલ રહે છે. પરંતુ રોડ ડિઝાઈન મુજબ પોલનુ ફીટીંગ નવા કેબલ સાથે કરવાનુ આયોજન કરી દેવાયુ હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે. માર્ગનુ વાઈડનીંગ થતા આ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે પણ માર્ગ આસપાસ જગ્યા નિયત કરી લાઈટીંગ પોલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ